દલિત અધિકાર એ જ માનવ અધિકાર

# દલિત અધિકાર (પાક્ષિક)

તંત્રી : પ્રકાશકુમાર રા. મહેરિયા ● R.N.I. No. : GUJGUJ/2005/17601 ● Regd. No. GAMC-1494/2017-19 Valid upto 31-12-2019

વર્ષ : ૧૪ અંક : ૨ સળંગ અંક : ૩૧૪ પ્રકાશન : તા. ૧૬-૦૮-૧૮ પોસ્ટીંગ : તા. ૨૦-૦૮-૧૮ પાનાં : ૮ વાર્ષિક લવાજમ રૂ. ૭૫/- છૂટક રૂ. ૩/- ૧

## બાલીન્ટા : જય હો લોકશાહી માત કી !

**નજરે જોયું**

**ચંદુ મહેરિયા**

ભાઈ યશ મકવાણા(સહ કન્વીનર, રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ) એ બાલીન્ટા દલિત અત્યાચાર મુદ્દે સ્થળ તપાસમાં સાથે જોડાવા કહ્યું ત્યારે હું બહુ ઉત્સાહિત નહોતો. કેમકે દલિત અત્યાચારોના સેંકડો બનાવો વિશે જાણવા-લખવા-વાંચવાનું બન્યું છે. એટલે એમાં નવું શું હોય( સિવાય કે હિંસા, ક્રૂરતાની ઘાતકતાનું પ્રમાણ) કે જવું જોઈએ એમ લાગતું હતું. પણ જ્યારે બાલીન્ટા અત્યાચારનો મુખ્ય આરોપી 'બ્રાહ્મણ' છે એમ જાણ્યું ત્યારે આઘાત અને આશ્ચર્ય અનુભવ્યા, અને મેં બાલીન્ટા જવાની હા ભણી.

કોઈ આફ્રિકા ખંડના દેશના નામ જેવું નામ ધરાવતું બાલીન્ટા ગામ, આણંદ જિલ્લાના સોજીત્રા તાલુકામાં આવેલું છે. તાલુકા મથક સોજીત્રાથી આશરે બારેક કિલોમીટરના અંતરે આવેલા આ ગામમાં ખેડા- આણંદ જિલ્લાના અનેક ગામોમાં પટેલોએ બંધાવેલા પ્રવેશદ્વારો જેવું પ્રવેશદ્વાર છે. ગામના 'મણિબા પટેલ પ્રવેશદ્વાર'માંથી ગામમાં પ્રવેશવું ભારે દુષ્કર હતું. આષાઢી વર્ષાના પાણી ગામના પ્રવેશદ્વારની ચોપાસના ખાડાઓમાં ભરાયેલા હતા. તો ગારા અને કીચડમાંથી રસ્તો શોધવો મુશ્કેલ હતો. જેમણે માતૃશ્રીની સ્મૃતિમાં ભવ્ય પ્રવેશદ્વાર બનાવ્યું છે તેમને તેની નીચેની જ આ ગંદકીનો ઉપાય કેમ નહીં જડ્યો હોય તેવા પ્રશ્ન સાથે માંડ માંડ પ્રવેશદ્વાર વટાવી ગામમાં પ્રવેશ્યા.

યશ મકવાણા,પ્રકાશ મકવાણા, લલિત મહિડા, જયંતી મકવાણા, ચન્દ્રકાંત રોહિત સાથે ૨૪મી જુલાઈની બપોરે બાલીન્ટાની મુલાકાત લીધી. ગુજરાતના જ નહીં દેશના કોઈ પણ ગામમાં દલિતોની વસ્તી ગામના આથમણા ખૂણે, ગામછેવાડે જ હોય છે. બાલીન્ટા પણ તેમાં અપવાદ નહોતું. દલિત ફળિયામાં પ્રવેશતાં ફળિયાના મુખ્ય રસ્તાની બંને બાજુ બાંકડા મૂકેલા હતા. પહેલા બાંકડે બાબાસાહેબ આંબેડકરનું, તો તે પછીના બાંકડાઓ પર દિવંગત કલ્યાણભાઈ લલ્લુભાઈ મકવાણા ,કાશીબહેન ગાંડાભાઈ વણકરના નામો કોતરેલા હતા. એક બાંકડો છત્રસિંહ ચુનીભાઈ જાદવના નામનો હતો. જુદી જુદી જાતિકોમના નામોના બાંકડા જોડાજોડ રહી શકે છે તેમ જો માણસો રહેતા હોત તો કેવું સારું એવો વિચાર મનમાં આવ્યો ન આવ્યો ત્યાં તો ગામના દલિત ડેપ્યુટી સરપંચ વિનુભાઈ રોહિતનું ઘર આવી ગયું.

આશરે ૩૮૦૦ થી ૪૦૦૦ની વસ્તીનું બાલીન્ટા ગામ અઢારે વરણને પોતાનામાં સમાવી વસ્યું છે. ગામમાં બહુમતી વસ્તી ઠાકોરોની છે. તે પછીના ક્રમે પટેલોની વસ્તી છે. દલિતોમાં વણકરોના ૩૦, વાલ્મીકિના ૨૦ અને રોહિતોના ૮ ઘર છે. ગામમાં માત્ર બે જ ઘર અને પંદરેક વોટ ધરાવતા 'બ્રાહ્મણ', ગામના સરપંચ છે. તો ૮ ઘર ધરાવતા 'રોહિત' ડેપ્યુટી સરપંચ છે ! જ્યારે દેશનું વાતાવરણ જાતિધર્મકોમના નામે વિષાક્ત હોય ત્યારે અહીં જાતિકોમધર્મ સિવાય સરપંચ-ઉપસરપંચ હોય તે જાણીને પહેલી નજરે રાજી થવાયું.

૩૦ વરસના, અપરિણિત, ગુજરાતી વિષયમાં ગ્રેજ્યુએટ થયેલા, દલિત યુવાન વિનુભાઈ મગનભાઈ રોહિતની ગ્રામ પંચાયતના સભ્ય તરીકે આ બીજી ટર્મ છે. ૨૦૧૨માં એ પ્રથમવાર ચૂંટાયેલા. ૨૦૧૭ની બીજી ટર્મમાં ડેપ્યુટી સરપંચ છે. દલિતોની ત્રણેય પેટાજ્ઞાતિઓમાં રોહિતો સાવ જ લઘુમતીમાં છે, તો પંચાયતનો સભ્ય તેમનો કેમ ?એવો સવાલ પૂરો થાય તે પહેલાં તો ફળિયામાં બેઠેલા સૌ એક અવાજે બોલી ઉઠે છે, ''અમારા ગામમાં એવું નથી. જે લાયક હોય તે ક પછ તયણેય કોમમાંથી વારાફરતી પંચાયતનો સભ્ય બનં છં. ૧૯૪૭થી આજ સુધી અમારી અનામત બેઠક પર ચૂંટણી થઈ નથ. અમે જ અમારો સભ્ય બિનહરીફ ચૂંટીય છ.'' આ અદ્ભૂત દલિત એકતા અને સમજ પર ઓવારી જવાનું મન થવું સ્વાભાવિક હતું. જોકે લોકશાહીએ નાગરિક તરીકે,મતદાર તરીકે તેમને જરૂર ભેગા રાખ્યા છે પણ ધર્મ અને સમાજે તેમને તેમ રહેવા દીધા નથી. ૮ ઘરના રોહિતોના ફળિયામાં એમનું ચામુંડા-બહુચરનું, ૩૦ ઘરના વણકરોનું રામાપીરનું અને ૨૦ ઘરના વાલ્મીકિઓના ફળિયામાં હડકાઈ માતાનું મંદિર છે. વણકરો-રોહિતોનું સ્મશાન ભેગું છે પણ વાલ્મીકિનું નોખું છે !

ગામના સરપંચની સીધી ચૂંટણી થવી જોઈએ એવી ઝીણાભાઈ દરજી સમિતિએ ભલામણ કરેલી. તેનો આશય તો આખું ગામ મળીને તેનો સરપંચ પસંદ કરે તેવો હતો. પરંતુ નાતજાતકોમધર્મમાં વહેંચાયેલા સમાજે કંઈક જુદું જ કર્યું. બાલીન્ટામાં 'ભટ્ટ' અને 'દવે' અટક ધરાવતા માત્ર બે જ બ્રાહ્મણ કુટુંબો છે. તેમના વોટ ગણીને ડઝનેય નહીં હોય પણ ગામના સરપંચ પ્રવીણભાઈ હીરાલાલ ભટ્ટ નામક 'બ્રાહ્મણ' છે ! તેના કારણમાં, તેમની લોકપ્રિયતા કરતાં તેમને મળેલી સત્તાધારી બીજેપીની ઓથ હોવાનું દલિતો કહે છે. આ કુટુંબનો પ્રભાવ એટલો છે કે ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં પણ તે જ ચૂંટાયા છે અને આખા પંથક પર તેમનું વર્ચસ છે. તેમની દાદાગીરી અને ગરીબ ગુરબાંને રંજાડવાની વૃતિ દલિત ડેપ્યુટી સરપંચ પર હાથ ઉપાડવા સુધી પહોંચી છે. ગામના બહુમતી

ઠાકોરો વહેંચાયેલા છે. ગ્રામ પંચાયતના સરપંચની ચૂંટણીમાં ૫ ઠાકોરોએ ઉમેદવારી કરી હતી. એમાંનો એકેય ન ચૂંટાયો અને અણુમતીના બ્રાહ્મણ સરપંચ પદ પામ્યા !!!

ભારતીય લોકશાહી માટે ભારે કલંકરૂપ એવી હિંદુ સમાજની ધાર્મિક -સામાજિક જડતા વિનુભાઈની ડેપ્યુટી સરપંચ તરીકેની પસંદગીમાં જોવા મળી. ૨૦૧૨માં વિનુભાઈ રોહિત પહેલીવાર ગ્રામ પંચાયતના સભ્ય બન્યા અને આ ઉત્સાહી, પ્રતિબદ્ધ, પંચાયતી રાજના નીતિનિયમોના જાણકાર સભ્યે પોતાને ડેપ્યુટી સરપંચ બનાવવાની વાત કરી ત્યારે ગ્રામપંચાયતની બેઠકમાં પહેલાં તો બેઘડી સોપો પડી ગયો અને પછી તુરત ઠઠ્ઠામશ્કરી થયેલી. ૨૦૧૭ની ગ્રામ પંચાયતની ચૂંટણીમાં કુલ ૧૦ સભ્યોમાં ૮ ઠાકોરો, ૧ દલિત અને ૧ દેવીપૂજક ચૂંટાયા હતા. ઠાકોરો બહુમતીમાં હતા પણ વહેંચાયેલા હતા. એટલે દલિત અને દેવીપૂજક જેમના પક્ષે જાય તેને સત્તા મળે તેમ હતું.સમર્થન માટે વિનુભાઈ રોહિતે તેમને ડેપ્યુટી સરપંચ બનાવવાની શરત કરી, જે ઠાકોરોને બહુ આકરી લાગી. તેથી ઠાકોરોએ સત્તા મેળવવા રસ્તો કાઢવા દેવીદેવતાનો આશરો લીધો. આ પંથકના ઠાકોરો માટે કોડવા ગામના હડકાઈ માતા ભારે આસ્થાનું કેન્દ્ર હતા. એટલે હડકાઈ માતાના મંદિરે જઈ ચિઠ્ઠી નાંખવી અને માતાજી જે પસંદ કરે એમ કરવાનું નક્કી થયું.નિર્ધારિત દિવસે આખું રાવણું હડકાઈ માતાએ ગયું ને ચિઠ્ઠી બનાવી. તો માતાની કૃપા વિનુભાઈ રોહિત પર ઉતરી! માતાનો આદેશ અને આશિષ ઠાકોરો માટે શિરોમાન્ય હતા. છતાં કશું વિઘ્ન ન આવે અને કોઈ સભ્ય તૂટે નહીં એટલે તેમના જૂથના સભ્યોને જૂનાગઢ લઈ જવાયા ને પંચાયતની બેઠકના કલાક પહેલાં જ ગામમાં લવાયા. આમ દલિતોના બિનહરીફ પ્રતિનિધિ વિનુભાઈ રોહિતને જે લોકશાહી માત ડેપ્યુટી સરપંચ ન બનાવી શક્યાં તે કોડવાના હડકાઈ માતે કરી બતાવ્યું !

પંચાયતના સભ્ય બન્યા ત્યારથી જ વિનુભાઈએ ન માત્ર ગામના દલિતોના, સૌ વંચિત-ગરીબોના વિકાસ કામો હાથ ધર્યા હતા. વિનુભાઈ કહે છે, “ ગામમાં તળાવડીના કાંઠે અમારું વણકર-રોહિતોનું સ્મશાન છે. જે ભારે ખરાબ હાલતમાં હતું. ચોમાસામાં તો ભારે મુશ્કેલી પડે. ગામના વાલ્મીકિના સ્મશાનની જમીન પર પટેલોએ એટલું દબાણ કરેલું કે પાંચ-દસ ફૂટ ભોંય માંડ બચેલી. એટલે આ સ્મશાનનું કામ મેં પહેલાં હાથ પર લીધું.” ગામડા ગામનો, લોકશાહી પ્રક્રિયામાં સામેલ થયેલો, એક જન પ્રતિનિધિ, જો એ દલિત હોય તો, વિકાસ કાર્યો માટેની તેની પહેલી પ્રાથમિકતા સ્મશાન બને છે, તે ભારે ખિન્ન કરનારી બાબત છે. વિનુભાઈએ સ્મશાનનો પ્રશ્ન તો ઉકેલ્યો, દલિત ફળિયામાં પાણી, વીજળી, ગટર અને પેવર બ્લોક પણ નંખાવ્યા. ગામના દૂરના ફળિયાઓમાં પણ એ વિકાસને લઈ ગયા. દલિત ફળિયાને અડીને જમીનના એક જુદા ટુકડા પર સુંદરભાઈ પૂંજાભાઈ વણકર કુટુંબના ૮ ઘરો ૨૦૦૧માં વસ્યા. એમની વસ્તીમાં કશી સુવિધા નહીં. એમાંય પાણીની તો ભારે તકલીફ. રોજ ઉઠીને પાણી વારંવાર બાજુના વાલ્મીકિના નળેથી લેવા જવું પડતું હતું. પંચાયતમાં રજૂઆતો કરી કરી થાક્યા પણ કશું ન વળ્યું. “૨૦૧૨માં વિનુભાઈ સભ્ય બન્યા અને અમારા ઘરોમાં પાણી આવ્યું, રસ્તો બન્યો અને હવે સ્ટ્રીટ લાઈટ પણ આવશે,” એવું ભારે ઓશિંગણ ભાવે આ ભાઈઓએ કહ્યું.

પંચાયતના સભ્ય વિનુભાઈ પંચાયતનો વહીવટ પારદર્શક અને ન્યાયી બને તે માટે મથતા હતા. જ્યાં પંચાયતે કામો કરવા જેવા છે તે, જોખમો વહોરીને પણ કરાવે અને એટલે હાલના સરપંચ કુટુંબને એ ખૂંચે છે. ગઈ તારીખ ૨૦ જુલાઈએ સાંજે પાંચેક વાગે વિનુભાઈ ગામના ટાવર પાસે દિનેશભાઈ કનુભાઈ પરમારની દુકાને ઉભા હતા ત્યારે તેમણે ત્યાં ઉભેલા સરપંચના દોહિત્ર કિશનભાઈ દીપકભાઈ દવેને, “કિસનપુરાવાળી પાણીની લાઈનમાં પાણી મળતું ન હોવાની “ વાત કરી. તો કિશનભાઈ ઉશ્કેરાઈ ગયા. તેમને જાતિવિષયક ગાળો બોલી અપમાનિત કર્યા અને તેમણે અને તેમની સાથેના બીજા ત્રણ લોકોએ તેમના પર હુમલો કરી માર્યા. આ બનાવની પોલીસ ફરિયાદ બનાવના ૨૦ કલાક બાદ ભારે લોકદબાણ પછી પોલીસે લીધી પણ ઓગસ્ટ મહિનાના આરંભ સુધી હજુ કોઈની ધરપકડ થઈ નથી. કેમકે બધા હુમલાખોરોને ભારતીય જનતા પક્ષની હુંફ મળેલી છે અને પોલીસ તેની આગળ બેબસ છે.

ઘટનાના ચોથા દિવસે અમે ગામમાં ગયા ત્યારે વિનુભાઈ બહુ સ્વસ્થ હતા. એમણે ઘટનાની માંડીને વાત કરી. ત્રણેય ફળિયામાં અને ગાઉ છેટેના સ્મશાનમાં પણ લઈ ગયા. અમે વિનુભાઈને વારંવાર અમારી કોઈ મદદની જરૂર હોય તો કહો એમ પૂછતા હતા તો એ બહુ નચિંત થઈને, ‘બીજું તો શું મને બરોબર ન્યાય મલ એવું કરજો” એટલું જ કહ્યે જતા હતા.

ત્રણ ચાર કલાકની આ મુલાકાત પછી અમે ગામમાંથી નીકળતા હતા ત્યારે ગામના એક પૂર્વ સરપંચ ભેળા હાલના પંચાયતના સભ્ય અને વિનુભાઈના સાથી પ્રહલાદભાઈ ચુનારા મળ્યા.પ્રહલાદભાઈ ભારે ચિંતામાં અને ઉશ્કેરાટમાં હતા. વિનુભાઈની ખરી હાલતની વાત કરતાં એમણે કીધું કે, “એમના માટે ગામમાં નીકળવું કાઢું છે. એક પોલીસનું રક્ષણ મળ્યું છે પણ એ ડંડો લઈને આખો દાડો પંચાયતમાં બેસી રહે છે. ગમે ત્યારે કશું થઈ જવાની ચિંતા રહે છે.” પ્રહલાદભાઈ ચુનારાની વાત ચૂપચાપ સંભળી રહેલા વિનુભાઈના ચહેરાના ભાવ પરથી લાગ્યું કે અત્યાર સુધી વિનુભાઈ જે અમને નથી કહી રહ્યા તે પ્રહલાદભાઈએ કહ્યું છે. યોગ્ય પોલીસ તપાસ, પોલીસ રક્ષણ અને આરોપીઓની ધરપકડના પ્રયાસો કરવાના આશ્વાસન સાથે અમે ગામ છોડ્યું. પણ આ નાનકડા ગામમાં વિનુભાઈના રૂપે જે નવું યુવા દલિત નેતૃત્વ ઉભરી રહ્યું છે તે આજે કેવા સંકટમાંથી પસાર થઈ રહ્યું છે તેના વિચારોમાં આખા રસ્તે ખોવાયેલો રહ્યો. હડકાઈ માયે તો વિનુભાઈને ડેપ્યુટી સરપંચ બનાવી દીધા છે પણ હે મારી લોકશાહી મા તું એને હેમખેમ રાખે તો ય ઘણું !

## સંપાદકીય કાર્યાલય

“દલિત અધિકાર” માટેના
લેખો, અહેવાલો, કાવ્યો અને અન્ય ,
સમીક્ષા માટેના પુસ્તકો, વિનિમયાર્થે સામયિકો
તથા
લવાજમ
નીચેના સરનામે મોકલવા વિનંતી છે.

ચંદુ મહેરિયા
‘નિરાંત’, ૧૪૧૬/૧, સેક્ટર-૨-બી, ગાંધીનગર-૩૮૨૦૦૭
મો.નં.૯૮૨૪૬ ૮૦૪૧૦
Email- maheriyachandu@gmail.com

# 'સમાજમિત્ર'ના ઉપક્રમે પ્રવીણ શ્રીમાળીના પુસ્તક 'દલિત લોકવિદ્યા'નું લોકાર્પણ

**અહેવાલ**

**વસંત જાદવ**

સમાજસેવાને સમર્પિત સામયિક 'સમાજમિત્ર'ના ઉપક્રમે ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને ખ્યાતિપ્રાપ્ત સાહિત્યકાર પ્રવીણ ગઢવીની અધ્યક્ષતામાં, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના પૂર્વ અધિકારી-સમાજસેવી પ્રવીણ શ્રીમાળીના સંશોધન ગ્રંથ 'દલિત લોકવિદ્યા'ના લોકાર્પણનો કાર્યક્રમ ડૉ.આંબેડકર હોલ, ગાંધીનગર ખાતે યોજાયો હતો. 'ગાંધીનગર સાહિત્ય સભા'ના પ્રમુખ નટવર હેડાઉ, દલિત સર્જકો ડૉ.રાજેશ મકવાણા, ડૉ.દિનુ ભદ્રેસરિયા, ડૉ.શિવરામ શ્રીમાળી અને વિદ્વાન સર્જક - સાહિત્ય ભાવક શિવશંકર દવેની પ્રેરક ઉપસ્થિતિ હતી.

ગુરૂ વિના એકલવ્યની જેમ દલિત સમાજે તેની લોકવિદ્યા હાંસલ કરી છે અને આજ સુધી લોકસાહિત્યનું જે સંશોધન-સંપાદન થયું છે, તે છેવાડાના લોક સુધી પહોંચ્યું નથી તેનો વસવસો વ્યક્ત કરતાં અધ્યક્ષસ્થાનેથી પ્રવીણ ગઢવીએ કહ્યું કે, લોકસાહિત્ય લોકોને જન્મથી મરણ સુધી સાથ આપે છે અને પ્રવીણ શ્રીમાળીએ તેમનાં 'દલિત લોકવિદ્યા' સંશોધન ગ્રંથમાં જન્મ, સગાઈ, લગ્ન, મામેરુંથી મરણ સુધીની વિધિ જણાવી છે ત્યારે, કાચા સોના જેવી આ સામગ્રીને કોઇ દલિત લોક સાહિત્યવિદ્ તપાવીને શુદ્ધ સોનું નિપજાવે એવી આશા જરૂર રાખી શકાય.

જન્મથી મૃત્યુ સુધીની દલિત લોકવિદ્યા મૌખિક પરંપરામાં જળવાઇ છે, એ હવે પ્રવીણ શ્રીમાળીના આ ગ્રંથથી કંઠસ્થથી ગ્રંથસ્થ થવા જાય છે તેનો આનંદ છે, તેમ જણાવી 'ઉત્તર ગુજરાતનું સંત સાહિત્ય' અને 'લોક વાંઙમયઃ સ્વરૂપદર્પણ'ના રચયિતા-સર્જક ડૉ.રાજેશ મકવાણાએ કહ્યું કે, 'દલિત લોકવિદ્યા' ગ્રંથ દ્વારા પ્રવીણ શ્રીમાળીએ આ દિશામાં વધુ સંશોધન-લેખનની એક બારી ખોલી આપી છે, જેના સારા પરિણામો મળશે જ.

'ભવિષ્યમાં કોઇએ દલિત લોકવિદ્યાના ક્ષેત્રે સંશોધન કરવું હશે તો તેને પ્રવીણ શ્રીમાળીના આ ગ્રંથ પાસે આવવું જ પડશે' એમ જણાવી 'ગુજરાતની સંત કવયિત્રીઓનું સંત સાહિત્ય' અને 'ઉત્તર ગુજરાતના ભક્ત કવિઓ' પર વિશદ્ સંશોધન કરનારા ઊંઝાના પ્રાધ્યાપક-સર્જક ડૉ.શિવરામ શ્રીમાળીએ કહ્યું કે, ગુરુ બ્રાહ્મણ સમાજ પાસે 'કનારસી' બોલીનાં જે ગૂઢાર્થો છે, જે પરંપરાઓ છે, તે હવે લુપ્ત થવાના આરે છે ત્યારે, પ્રવીણ શ્રીમાળીનું 'દલિત લોકવિદ્યા' પુસ્તક એક શુભ શરૂઆત છે. તેમણે આ દિશામાં વધુ સંશોધન માટેના દ્વાર ખોલી આપ્યા છે.

'લોકવિદ્યા લોકો માટે, લોકો થકી સર્જાતી વિદ્યા છે' એમ જણાવી, વન અને પ્રકૃતિ પર અનોખું સર્જન કરનારા, રાજ્યના પૂર્વ વન અધિકારી અને 'ગાંધીનગર સાહિત્ય સભા'ના અધ્યક્ષ નટવર હેડાઉએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં કહ્યું કે, એક સમયે કર્મને આધારે વર્ણવ્યવસ્થા હતી, તે સમાજ અનેક જ્ઞાતિઓમાં વહેંચાતા, જે તે સમાજ તેની રહેણીકરણી, વ્યવસાય, પરંપરા, બોલીઓને આધારે વર્ણોમાં વહેંચાવા માંડ્યો અને આ દરેક સમાજ સાથે બન્યું છે. તેમણે કહ્યું કે, ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબના પ્રતાપે શોષિત-પીડિત-દલિત વર્ગને જ્ઞાનપ્રાપ્તિની દિશા પ્રાપ્ત થઇ. એ ડૉ.બાબાસાહેબ ચિંધ્યા રાહનો જ પ્રતાપ છે કે, પ્રવીણ શ્રીમાળી આપણી વચ્ચે 'દલિત લોકવિદ્યા' પુસ્તક સાથે ઉપસ્થિત છે.

યુવા દલિત સર્જક અને 'ઇડરિયા મલકનો બોલી વિશેષ' તથા 'ઇડરિયા મલકના લોકસંત લાલાબાપા' સંશોધન ગ્રંથો આપનારા ડૉ.દિનુ ભદ્રેસરિયાએ, લોકવિદ્યા છેક આદિમાનવના કાળથી વિદ્યમાન છે, તેમ જણાવી ભારતમાં લોકવિદ્યા અને તેના સંશોધન ક્ષેત્રે થયેલા ક્રમિક વિકાસને ઐતિહાસિક દાખલા – સંદર્ભો સાથે ચર્ચ્યો હતો. લોકવિદ્યાના મૂળ સમાજમાં અને તેની પરંપરામાં પડેલા છે ત્યારે લોકજીભે જ સચવાયેલી આ વિદ્યાને બહાર લઇ આવનારા લેખકો વાસ્તવમાં તો ધૂળધોયાની કામગીરી બજાવે છે તેમ જણાવી પ્રવીણ શ્રીમાળીના ગ્રંથને આ દિશામાં એક મહત્વની સેવા ગણાવ્યો હતો.

દલિત લોકવિદ્યા પરંપરાના જાણતલ, સાહિત્યભાવક અને નિવૃત નાયબ સચિવ શિવશંકર દવેએ, ગુરુ બ્રાહ્મણ સમાજની જન્મથી મરણ સુધીની અનોખી પરંપરાઓ પર અભ્યાસપૂર્ણ વક્તવ્ય રજૂ કરીને, પ્રવીણ શ્રીમાળીના 'દલિત લોકવિદ્યા' ગ્રંથને હૃદયના ભાવોથી આવકાર્યો હતો.

પ્રારંભે સૌ મહેમાનોએ ડૉ.બાબાસાહેબ આંબેડકરની તસવીરને પુષ્પાંજલી અર્પણ કર્યા બાદ 'દલિત લોકવિદ્યા' પુસ્તકનું લોકાર્પણ કર્યું હતું.

પોતાના પ્રતિભાવમાં 'દલિત લોકવિદ્યા'ના સર્જક પ્રવીણ શ્રીમાળીએ વિનમ્રભાવે આ ગ્રંથના સર્જન માટે નિમિત્ત બનેલા મિત્રો - સ્નેહીજનો - પરિવારજનો અને એમના સંશોધનમાં સહાયરૂપ થનારા ગુરુ બ્રાહ્મણ સમાજના અને દલિત સમાજના મિત્રો પ્રતિ ઋણ સ્વીકારની લાગણી વ્યક્ત કરી હતી.

કાર્યક્રમના પ્રારંભે દલિત સામાજિક આગેવાન અને નીવડેલા સર્જક પી.કે.વાલેરાના દુઃખદ અવસાન બદલ બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં અગ્રણી દલિત સાહિત્યકારો દલપત ચૌહાણ, હરીશ મંગલમ, મોહન પરમાર, ચંદુ મહેરિયા, રાઘવજી માધડ, ભી.ન.વણકર, યશવંત વાઘેલા, રમણ વાઘેલા, કલ્યાણ વૈષ્ણવ, બી.કેશરશિવમ, ડૉ.મનુભાઈ મકવાણા, ડૉ.નરસિંહદાસ વણકર, પથિક પરમાર, નિલેશ કાથડ, ભીખુભાઈ વેગડા, અરવિંદ વેગડા, પૂનમચંદ પરમાર, 'સમાજમિત્ર' તંત્રી રસીલાબેન પરમાર, એમ.આર.રેવર, મૂળજીભાઇ પરમાર 'દધિ', ડૉ.હર્ષદ પરમાર 'સમાજ સંવેદના'ના પ્રકાશક, કિશોર મકવાણા, તંત્રી અનિતા પરમાર, સમાજ સેવક મૂળચંદ રાણા, લોકસાહિત્યના પ્રખર વિદ્વાન મથુરાપ્રસાદ શ્રીમાળી (વીસનગર), મણીલાલ શ્રીમાળી 'મિલન', એન.જે.શ્રીમાળી, બી.કે.શ્રીમાળી, કે.પી.વાઘેલા, 'દલિત અધિકાર સંઘ'ના જીતુભાઇ વાઘેલા, વસંત જાદવ, કાંતિભાઇ પરમાર, ચંદ્રવદન પરમાર, ખોડભાઇ મકવાણા, ગોવિંદભાઇ પરમાર, કવિ રમણભાઇ શ્રીમાળી, ગુરુ બ્રાહ્મણ સમાજના સામાજિક આગેવાનો સહિતના સર્જકો-ભાવકો દોલત ભટ્ટ, કલ્પેશ પટેલ, ભરત કવિ જેવા સર્જકો તેમજ પ્રવીણ શ્રીમાળીના પરિવારજનો મોટાભાઇ કાન્તિભાઇ શ્રીમાળી, પુત્ર કર્તવ્ય શ્રીમાળી, જિતુભાઇ શ્રીમાળી, ગૌતમભાઇ શ્રીમાળી, પૂત્રવધુઓ દિનાબેન શ્રીમાળી, નિકિતાબહેન શ્રીમાળી સૌ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

લોકાર્પણમાં અનિવાર્ય કારણોસર ઉપસ્થિત નહીં રહી શકેલા 'ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર' રાજકોટના નિયામક ડૉ.અંબાદાન રોહડિયા અને ઇતિહાસવિદ્ ડૉ.મહેશચંદ્ર પંડ્યાના સંદેશાઓનું વાંચન તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન નટુભાઇ પરમારે કર્યું હતું. આભારવિધિ પૂર્વ નાયબ નિયામક વસંત જાદવે કરી હતી.

# દલિત અત્યાચારનું નવું રૂપ : ગોહત્યા, ગોરક્ષા, ગોશાળા

**રૂબરૂ**

**સુબોધ પરમાર**

ગાય અને દલિત અત્યાચારનો સંબંધ સરકારના શાસનના દિવસોની સાથે વધતો જ જાય છે. એટલા માટે જ દલિત અત્યાચાર માટે ગાયનો આવનારા સમયમાં કેવી રીતે ઉપયોગ થનારો છે એ કળવું મુશ્કેલ છે. દલિત અત્યાચારનો ગાય સાથેનો સંબંધ સૌથી પહેલા 'ઉનાકાંડ' વખતે પ્રકાશમાં આવેલો. ચાર યુવાનો, લોહી જામી ગયેલા બરડા, ઉનાનું બજાર અને પોલીસ સ્ટેશનની બહાર નંદવાતી માનવતાની સમગ્ર ગુજરાતમાં અને દેશમાં નોંધ લેવાઈ અને એક ઐતિહાસિક ચેતના જોવા મળી દલિતોમાં. પરંતુ, ક્યારેક ગોહત્યા હોય તો ક્યારેક ગોરક્ષા તો વળી તાજેતરમાં જ જોવા મળેલ ગોશાળાનો પ્રસંગ. સમગ્ર દેશમાં સનસની મચાવનાર ઉનાકાંડના ગોરક્ષકોનાં આતંકના કેસમાં પોલીસ દ્વારા તૈયાર કરાયેલ ચાર્જશીટમાં સ્પષ્ટપણે નોંધવામાં આવ્યું છે કે રાજ્ય અને દેશમાં, દલિતો અને મુસ્લિમો પ્રત્યે વૈમનસ્ય ફેલાવવાના પૂર્વઆયોજિત કાવતરાના ભાગરૂપે જ આ બનાવને અંજામ આપવામાં આવ્યો હતો.

તા. ૧૯ અને ૨૦ જુલાઈ દરમિયાન 'રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ'ના સાથીઓ સાથે અમરેલીથી આશરે ૮ કિમીના અંતરે આવેલા નાના આંકડિયા ગામની,ક ગોશાળા તોડી નંખાવવાના આરોપસર દલિતોના સામાજિક બહિષ્કારના પગલે મુલાકાત કરી.

**નાના આંકડિયા ગામ**

આશરે ૫૦૦૦ની વસ્તી ધરાવતા અમરેલી જિલ્લાના નાના આંકડિયા ગામમાં નાના-મોટા પ્રમાણમાં દરેક જાતિના લોકો વસવાટ કરે છે. જે પૈકી લગભગ ૮૦૦ થી ૯૦૦ ઘર સાથે પાટીદાર સમુદાય બહુમતીમાં છે. આ ઉપરાંત, ૩૦-૩૫ દલિતના, ૩૫-૪૦ ભરવાડના, ૭-૮ દરબારના, ૫-૬ દેવીપુજકના, ૨-૩ કોળીના, ૭-૮ વાળંદના, ૫-૬ મકાન સુથારના, ૬-૭ દરજીના, ૫-૬ લુહાર સમુદાયના અને ૫-૬ કુંભારના ઘરો આવેલા છે.

આઝાદીના આટલા વર્ષો પછી આજદિન સુધી એકપણ વખત દલિત સમુદાયમાંથી કોઈ સરપંચ ચૂંટાયા નથી. માર્ચ ૨૦૧૮માં યોજાયેલ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં બહુમતીથી ગ્રામ પંચાયતને સમરસ જાહેર કરવામાં આવેલ છે. જેમાં કુલ ૧૧ સીટમાંથી ૧૦ પર ઉમેદવાર જાહેર થયેલા અને ૧ સીટ અનુસૂચિત જન જાતિ માટે અનામત હોવાથી અને ગામમાં કોઈ વસ્તી ન હોવાથી ખાલી રહેલ. હાલમાં ૧૦ સભ્યોમાંથી ૮ સભ્યો સાથે પાટીદાર સમુદાય સંપૂર્ણ બહુમતીમાં છે. એક સભ્ય અનુસુચિત જાતિનો છે અને એક વાળંદ સમુદાયમાંથી. દેખીતી રીતે જ ગામમાં બહુમતીના કારણે રાજકીય રીતે પણ પાટીદારોનો દબદબો છે.

**દલિતોના સામાજિક બહિષ્કારનો ઘટનાક્રમ**

નાના આંકડિયા ગ્રામ પંચાયત હસ્તકના સર્વે નંબર ૧૨૬માં જરૂરિયાતમંદ લોકોને પ્લોટ ફાળવવા માટે ૩૦ પ્લોટની જગ્યા ફાળવવામાં આવી છે. જે પૈકી તા. ૧૩-૧૧-૨૦૧૪ ના રોજ તાલુકા વિકાસ અધિકારી દ્વારા ગામના અનુસૂચિત જાતિના ભીખુભાઈ નાજાભાઈ મહેતાને તથા તા. ૦૨-૦૫-૨૦૧૭ના રોજ ગોવિંદભાઈ કાનજીભાઈ મહેતાને પ્લોટની ફાળવણી કરવામાં આવેલ. જે પૈકી સર્વે નં. ૧૨૬/૧ વાળી જમીનમાં 'કલ્પધેનુ ગ્રામ વિકાસ ટ્રસ્ટ' (જેની નોંધણી થયેલ નથી) દ્વારા ગોશાળા બનાવવાનું કામ ચાલુ કરવામાં આવ્યું.

'કલ્પધેનુ ગ્રામ વિકાસ ટ્રસ્ટ'ના વર્તમાન સંચાલક કે. કે. વાળા છે. જેઓ જિલ્લા કલેકટર કચેરીમાં પુરવઠા ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવે છે. આ ઉપરાંત ધીરુભાઈ વલ્લભભાઈ જાવિયા જે તત્કાલીન સરપંચ સવિતાબહેનનાં પતિ છે એ પણ ટ્રસ્ટી હોવાનું જાણવા મળેલ. ગોશાળા બનાવવાનું કામ ધ્યાનમાં આવતા દલિત અગ્રણીઓ દ્વારા સરપંચ સમક્ષ રજૂઆત કરવામાં આવતાં તત્કાલીન સરપંચના પતિ ધીરુભાઈ દ્વારા મૌખિક ખાતરી આપવામાં આવેલી કે આ બાંધકામ કામચલાઉ ધોરણે કરવામાં આવેલ છે અને અમે બીજી જગ્યાએ માંગણી કરેલ છે, એ જગ્યા મળી જશે એના થોડા સમય પછી અહીંથી ગોશાળા ખસેડી લેવામાં આવશે. જેથી દલિત અગ્રણીઓ સહમત થયેલ અને કામ ચાલુ રાખવા દીધેલ. ગો શાળાના બાંધકામનું કામ પૂર્ણ થયા બાદ ૧૦૦ ફૂટનો શેડ બનાવવામાં આવ્યો જે મુદ્દે ફરીથી સરપંચને રજૂઆત કરવામાં આવતા સરપંચ દ્વારા કહેવામાં આવ્યું કે, ''મારું કંઈ ચાલતું નથી અને મને કોઈએ આ બાબતે પૂછ્યું નથી.''

પ્લોટ ફાળવણીનો હુકમ થયા બાદ પ્લોટના કબજા બાબતે ગ્રામ પંચાયતમાં રજૂઆત કરતા પંચાયત દ્વારા પ્લોટ પર દબાણનું બહાનું બતાવેલ. જેથી ભીખુભાઈ અને ગોવિંદભાઈ દ્વારા દબાણ દૂર કરવા માટે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને કલેકટર કચેરીમાં તા. ૨૩-૦૨-૨૦૧૮ ના રોજ અરજી આપવામાં આવી. તાલુકા સર્કલ ઓફિસર દ્વારા દબાણ અંગેનો રિપોર્ટ ફાઈલ કરતા ૧૯-૦૩-૨૦૧૮ ના રોજ તાલુકા વિકાસ અધિકારી દ્વારા નાના આંકડિયા ગ્રામ પંચાયતને દબાણ દૂર કરી, હદ નિશાન કરી, સત્વરે પ્લોટ ફાળવવા જણાવવામાં આવેલ. દબાણ દૂર કરવા કોઈ જ કાર્યવાહી કરવામાં ન આવતા ફરીથી તા. ૨૪-૦૩-૨૦૧૮ના રોજ અમરેલી કલેકટરને ૩૦ દિવસમાં દબાણ દૂર નહીં થાય તો સત્યાગ્રહની ચીમકી ઉચ્ચારતી અરજી આપવામાં આવી. તાલુકા વિકાસ અધિકારી દ્વારા તા. ૨૭-૦૩-૨૦૧૮ ના રોજ સરપંચ અને તલાટી કમ મંત્રીને દિન-૩ માં દબાણ દૂર કરી જાણ કરવામાં આવેલ અને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા પણ આ કામગીરી ૩૧-૦૩-૨૦૧૮નાં રોજ પૂરી કરવાનો હુકમ કરેલ. જે નવનિયુક્ત સરપંચ દ્વારા તા. ૧૧-૦૪-૨૦૧૮નાં ચૂંટણીનું બહાનું રજૂ કરી કામ પૂરું કરવા અસમર્થતા દર્શાવે હતી.

આ મુદ્દે ગોવિંદભાઈ દ્વારા તા. ૦૧-૦૫-૨૦૧૮, ૧૦-૦૫-૨૦૧૮ તથા તા. ૨૧-૦૫-૨૦૧૮થી ફરી રજૂઆત કરવામાં આવી જેમાં સરપંચ પર જ્ઞાતિવાદ કરતા હોવાનો આક્ષેપ પણ કરવામાં આવેલ. આટઆટલી રજૂઆત કરવા છતાં કોઈ જ પગલા ન ભરાતાં ન છૂટકે દલિતો દ્વારા તા. ૦૪-૦૬-૨૦૧૮ના રોજ TDO, DDO અને કલેકટરને ઉદ્દેશીને પ્રતીક ઉપવાસ, અને આત્મ વિલોપન અંગેની નોટિસ પાઠવી, તા. ૨૨-૦૬-૨૦૧૮ ની અરજીથી, તા. ૨૫/૦૬/૨૦૧૮ થી તા. ૩૦-૦૬-૨૦૧૮ સુધી સત્યાગ્રહ પર બેસવાની પરવાનગી લીધેલ.

સત્યાગ્રહ પર બેસવાના કારણે ગ્રામજનો દ્વારા, 'કલ્પધેનુ ગ્રામ વિકાસ ટ્રસ્ટ' ના ટ્રસ્ટીઓની ઉશ્કેરણીથી, સામાજિક બહિષ્કારના ભાગરૂપે પાણીનો પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો. આ અંગેની લેખિત રજૂઆત તા. ૩૦-

૦૬-૨૦૧૮ નાં રોજ કરવામાં આવી જેમાં ત્રણ લોકો દ્વારા તા. ૦૭-૦૭-૨૦૧૮નાં રોજ આત્મવિલોપનની સ્પષ્ટ ચીમકી આપવામાં આવી. જેથી પગ નીચે રેલો આવતા તંત્ર સાબદું બનીને દબાણ હઠાવવાનું કાર્ય હાથ ધરેલ જે અંતર્ગત તા. ૦૭-૦૭-૨૦૧૮ના રોજ 'કલ્પધેનુ ગ્રામ વિકાસ ટ્રસ્ટ' દ્વારા બાંધવામાં આવેલ શેડ દૂર કરવા 'કલ્પધેનુ ગ્રામ વિકાસ ટ્રસ્ટ'ના પ્રમુખ કે. કે. વાળા સહમત થયેલ અને દબાણ દૂર કર્યું હતું.

આમ સમગ્ર મામલામાં ગામના કહેવાતા ઉચ્ચ વર્ગના લોકોએ દલિતો સામેની અધિકારની કાયદાકીય લડાઈમાં કપાઈ જવાનું અનુભવતા, ગામના ઠેકેદારો દ્વારા રાત્રિ સભા ભરવામાં આવી, જેમાં દલિત સમુદાયના લોકો સાથે કોઇપણ પ્રકારનો સામાજિક કે આર્થિક વ્યવહાર કરનારને દંડ કરવાનું સર્વસંમતિથી ઠરાવવામાં આવ્યું. જેને પગલે તા. ૧૦-૦૭-૨૦૧૮ થી ગ્રામજનો દ્વારા દલિત સમાજનો સંપૂર્ણ બહિષ્કાર કરવામાં આવ્યો. તા. ૧૯-૦૮-૨૦૧૮નાં રોજ ગ્રામ પંચાયત દ્વારા તાત્કાલિક બેઠક બોલાવવામાં આવેલ જેમાં પણ ગ્રામ પંચાયતના સભ્યોનો મલીન ઈરાદો અને ભેદભાવ સ્પષ્ટપણે જોવા મળેલ. ઠરાવના છેલ્લા ફકરામાં આ સમગ્ર મામલે ગામનું વાતાવરણ તંગ બન્યું હોવાનો ઉલ્લેખ જોવા મળે છે. જેમાં સ્પષ્ટપણે લખેલ કે દલિત સમુદાયના લોકોએ ગોશાળાનું ડિમોલીશન (તોડવાનું) કરાવેલ છે જેના કારણે ગામમાં તંગદિલી ઉભી થઇ છે !

**બહિષ્કારની અસરો**

નાના આંકડિયા ગામના ૬ દલિતો સરકારી નોકરી કરે છે. જે પૈકી ૩ પ્રાથમિક શાળાના શિક્ષકો અને ૩ પોલીસ વિભાગમાં ફરજ બજાવે છે. ગામના મોટાભાગના લોકો ખેતમજૂરી સાથે સંકળાયેલા છે અને થોડા દલિતો ગામના જમીનદારો સાથે વાવણીમાં ભાગ રાખી પેટીયું રળે છે.

બહિષ્કારને પગલે દલિતોને પુષ્કળ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. વાહનવ્યવહાર, રોજિંદા વપરાશની ચીજ વસ્તુઓ ખરીદવામાં, દૂધની ખરીદી, વાળ કાપવા ઉપરાંત માચીસ મળવી પણ દોહ્યલી બની ગયેલ. સૌથી દુરોગામી અસર જોવામાં આવે તો ખેતમજૂરી પર નભતા હોવાનાં લીધે આવકનો સ્ત્રોત બંધ થઇ ગયેલ અને જે લોકો ભાગમાં વાવતા હતા એ લોકોનો ભાગ છૂટો કરી દીધેલ.

**નાના આંકડિયાના દલિતોનો સંઘર્ષ અને બહિષ્કારનો અંત**

'રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ' અમરેલીના સાથીઓ સાથે નાના આંકડિયા ગામની મુલાકાત દરમિયાન જાણવા મળ્યું કે આ સમગ્ર સંઘર્ષ દરમિયાન દલિતોને ચીજ વસ્તુઓ લેવા માટે દરરોજ અમરેલી આવવું પડતું હતું. આ સમસ્યા નિવારવા દલિત વિસ્તારમાં જ દલિત ભાઈની નવી દુકાન ખોલવામાં આવી. આટઆટલી તકલીફ હોવા છતાં દલિતો એકસંપ રહ્યા અને તમામે એકબીજાને સાથ સહકાર આપ્યો તથા પ્લોટ ધારકોને સમાધાન માટે કોઇપણ પ્રકારનું દબાણ કરવામાં આવ્યું નહી જે કદાચ જવલ્લે જ બનતી ઘટના છે. તા. ૧૮-૦૭-૨૦૧૮નાં રોજ અમરેલી RDAM નાં એડવોકેટ સાથી નવચેતનભાઈ અને જીતુભાઈ તથા સમગ્ર ટીમની હાજરીમાં ગામલોકો સાથે ઉગ્ર બોલાચાલી થયેલ પણ કોઈએ નમતું જોખ્યું નહી.

તા. ૧૯-૦૭-૨૦૧૮ના રોજ SDM અમરેલી અને DySP અમરેલી સાથે થયેલી અમારી મુલાકાતમાં પણ મામલો ખૂબ ગરમાયો અને ત્યાં પણ અધિકારીઓની જાતિવાદી માનસિકતાના દર્શન થયા. જેમાં પહેલેથી જ બહિષ્કારનો સામનો કરી રહેલા દલિતોને ધમકીભર્યા સ્વરમાં DySP દ્વારા ખરાબ પરિણામ માટે જણાવવામાં આવ્યું. (બહિષ્કાર કરતાં ખરાબ પરિણામ શું હોવાનું?) અને ગામલોકોની સમાધાનની શરત હતી જે મુજબ આ જમીન ગો શાળા માટે આપી દેવામાં આવે તો જ બહિષ્કારનો અંત થાય એ વાત સ્વીકારવા આડકતરી રીતે કહેવામાં આવ્યું. છેવટે, દલિતો ટસના મસ ના થતાં, અધિકાર માટે લડી લેવાના મૂડમાં હોઈ, એ જ સાંજે દલિત સમાજના સાથીઓ સાથે મિટિંગ દરમિયાન જ બહિષ્કારનો અંત કર્યો હોવાના સમાચાર મળ્યા. જોકે, જે લોકોના ખેતીમાં ભાગ હતા એ મુદ્દે કોઈ નિરાકરણ આજદિન સુધી આવ્યું નથી અને કદાચ આવશે પણ નહી.

અમરેલીની મુલાકાત દરમિયાન એક અન્ય ગામમાં પણ આ રીતે દલિતોને ફાળવેલા પ્લોટ પર ગોશાળા બનાવ્યાનું જાણવા મળેલ. જેને તોડી પાડવા પણ હુકમ કરાયેલ. આ સમગ્ર મામલો જોતા એટલું ચોક્કસ કહી શકાય કે 'ગાય'ના નામનો ઉપયોગ કરીને દલિત-મુસ્લિમ અત્યાચાર કરવાનું પ્રમાણ વધતું જાય છે. ઉના કાંડની ચાર્જ-શીટમાં જણાવ્યા મુજબ જેમ સમગ્ર ઘટના પૂર્વ-આયોજિત કાવતરાના ભાગરૂપે હતી એમ આ પણ એ પ્રકારનું કાવતરું હશે? ખેર, એ તો સમય જ બતાવશે.

## જાતિવાદ


કૃષ્ણ ને કહો ચક્ર ઉપાડે
કે ઉપાડે રથનું પૈડું
આ જાતિવાદીઓ બહુ વકર્યા છે
બહુ ફાટયા છે
બહુ રમણે ચડ્યા છે
વિનાશકાળે વિપરિત બુદ્ધિ
એમના વધનો રાહ જોઈ રહી છે.

ને હે રામ સાંભળ્યું છે કે
તારું તીર કદીય ખાલી નથી જતું.
તો માર એ જાતિવાદીઓની છાતી પર
અને ચીરી નાખ એમની છાતી
જેમ વાલીની ચીરી નાખી હતી.
ને લક્ષ્મણ ને પણ કહો
કે આ જાતિવાદીઓના નાક કાન કાપી નાખે
જેમ .....

ને જો એમ ન થાય
તો હજીય મારામાં ધીરજ છે
તું આવે કલ્કિ બની
તો પહેલો વધ એ લોકોનો કરજે
જે જડમૂળથી જાતિવાદીઓ છે.

**વિનુ બામણિયા 'અતીત'**

# સંવિધાનના સંરક્ષક વાલજીભાઈ પટેલ



પરિચય

રાજુ સોલંકી

સંવિધાનના સિદ્ધાંતો કાગળ પર સુંદર છે. એનો અમલ કરવો, કરાવવો એ જ મોટો પડકાર છે. સંવિધાનનો અમલ સરકાર ના કરે ત્યારે એનો કાન પકડીને અમલ કરાવનાર માણસ સાચા અર્થમાં બાબાસાહેબના મિશનને આગળ ધપાવે છે. ગુજરાતમાં આપણી વચ્ચે એક કર્મશીલ ખંતથી અને પ્રમાણિકતાથી આ કામ કરી રહ્યા છે. એમનું નામ છે વાલજીભાઈ પટેલ, જેમણે ગુજરાત હાઇકોર્ટમાં એમની સંસ્થા 'કાઉન્સિલ ફોર સોશિયલ જસ્ટિસ'ના માધ્યમથી જાહેર હિતની બેસુમાર અરજીઓ કરીને એસસી, એસટી, ઓબીસીના બંધારણીય અધિકારોનું જતન કર્યું હતું.

નવી પેઢીના યુવાનો માટે વાલજીભાઈનું નામ સાવ અજાણ્યું હોઈ શકે છે. કેમ કે તેઓ અખબારી નિવેદનો અને ટીવી ડિબેટોમાં જોવા મળતા નથી. ફેસબુક પર પોસ્ટો લખી લખીને લોકસેવા થાય એવી કોઈ સમજણ વાલજીભાઈ ધરાવતા નથી.

પ્રસ્તુત છે એમના કામની એક નાનકડી રૂપરેખા.

### એકતાનગરના ઝૂંપડાઓનુ જતન

૧૯૯૯માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને વૈકલ્પિક વ્યવસ્થા આપ્યા વિના દાણીલીમડાના એકતાનગરના ૩૦૦ ઝૂંપડાઓ તોડી પાડવાનું નક્કી કર્યું હતું. એકતાનગરમાં હિન્દુ, મુસ્લિમ, દલિતો દાયકાઓથી સાથે રહેતા હતા. કાઉન્સિલ ફોર સોશિયલ જસ્ટિસે હાઇકોર્ટમાં જઇને કોર્પોરેશનના આદેશ સામે મનાઈ હુકમ મેળવ્યો હતો.

### મેરિટમાં આવતા એસસી, એસટી, ઓબીસી માટે પિટિશન

વર્ષ ૨૦૦૦માં રાજ્યની મેડિકલ કોલેજોએ અનામત કેટેગરીના મેરિટમાં આવતા વિદ્યાર્થીઓને જનરલમાં પ્રવેશ આપવાના રાજ્ય સરકારના પરિપત્રનો ધરાર ભંગ કરીને અનામતની યાદીમાં નાંખ્યા ત્યારે કાઉન્સિલે હાઇકોર્ટમાં પીઆઈએલ કરીને મનાઈહુકમ મેળવ્યો હતો.

### ગુજરાત જાહેર સેવા આયોગ સામે પિટિશન

વર્ષ ૨૦૦૦માં ગુજરાત જાહેર સેવા આયોગે લેખિત પરીક્ષા પાસ કરનારા એસસી ઉમેદવારોના ઇન્ટરવ્યૂ કેન્સલ કર્યા હતા. આયોગે અનામત કેટેગરીને અપાયેલા પાંચ વર્ષના એક્સ્ટેન્શનને રદ કરવાના સરકારના પરિપત્રનો હવાલો આપ્યો હતો. કાઉન્સિલે હાઇકોર્ટમાં આયોગના નિર્ણયને પડકાર્યો હતો અને રદ કરાવ્યો હતો.

### બિન-અનામત ઉમેદવારોથી અનામત બેઠકો ભરવા સામે મનાઈ હુકમ

વર્ષ ૧૯૯૦માં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે એક પરિપત્ર બહાર પાડીને અનામત કેટેગરીમાં બિન-અનામત ઉમેદવારોની નિમણૂક કરવાની છૂટ આપી હતી. કાઉન્સિલે હાઇકોર્ટમાં રજૂઆત કરી કે અનામત કેટેગરીના ઉમેદવારો ઉપલબ્ધ હોવા છતાં અનામત બેઠકો પર બિન-અનામત ઉમેદવારોની જાણીબૂઝીને નિમણૂક કરવામાં આવે છે. હાઇકોર્ટે સરકારના પરિપત્રને રદ કર્યો હતો.

### અનુસૂચિત જાતિ વિકાસ નિગમમાં ભ્રષ્ટાચાર

અનુસૂચિત જાતિઓના ૧૩૦૦ અરજદારોમાંથી ૩૦૦ને રિક્ષાઓ ફાળવવાની અનુસૂચિત જાતિ વિકાસ નિગમની મનસ્વી પદ્ધતિ સામે કાઉન્સિલે હાઇકોર્ટમાં પિટિશન કરી હતી અને સરકારને નવેસરથી ફાળવણી કરવાનો હુકમ થયો હતો.

### બાબાસાહેબના ગ્રંથો માટે હાઈકોર્ટમાં ધા

૧૪ એપ્રિલ, ૧૯૯૭ના રોજ અમદાવાદમાં ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાના સાનિધ્યમાં તત્કાલીન મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ બાબાસાહેબના અંગ્રેજી વોલ્યુમના ગુજરાતી અનુવાદિત ગ્રંથનું જાહેર વિમોચન કર્યું હતું.

બાબાસાહેબની સાક્ષીએ, બાબાસાહેબની વર્ષગાંઠે, રંગેચંગે એક સરકારી વિમોચન થઈ ગયું અને થોડાક સમય પછી મજૂરિયા, ખજૂરિયા અને હજૂરિયા વચ્ચે ફાટી પડેલી ખુરશી માટેની વરવી લડાઈના અંતે શંકરસિંહે વિદાય લીધી અને નવા મુખ્યમંત્રી દિલીપ પરીખે ફરી પાછું બાબાસાહેબની મૃત્યુતિથિએ ફરી બીજું વિમોચન કર્યું. લોકો એમના કાર્યક્રમોમાં આવ્યા અને ઘરે જઇને ગોદડું ઓઢીને સૂઈ ગયા, પરંતુ જેમણે સમગ્ર જિંદગી બાબાસાહેબના મિશનને ગુજરાતમાં સાકાર કરવા કુરબાન કરી એવા વાલજીભાઈથી રહેવાયું નહીં. એમણે રૂબરૂ ભદ્રના સરકારી ડેપો પર જઇને તેમ જ માહિતી અધિકારની અરજીઓ દ્વારા પૃચ્છા કરી કે બાબાસાહેબના ગ્રંથો બજારમાં આવ્યા છે કે નહીં. એમને જાણવા મળ્યું કે પેલા બે સરકારી વિમોચનો તો, લોકોની આંખમાં ધૂળ નાંખવા માટે, બે-ચાર કોપીઓ ગમે તેમ કરીને છાપીને, કરી નાંખવામાં આવેલું અને જે થોડીઘણી કોપીઓ છાપેલી એ પણ વેચાણમાં મૂકવામાં આવી ન હતી.

૧૯૯૮માં સરકારે ડો. બાબાસાહેબ આંબેડકરના ગ્રંથોને ગુજરાતીમાં પ્રગટ કરવા માટે રૂ. ૨૦ લાખ ફાળવ્યા હતા. પહેલો ખંડ ૧૯૯૩માં પ્રગટ થયો હતો. શંકરસિંહ વાઘેલા અને દિલીપ પરીખ, બબ્બે મુખ્યમંત્રીઓએ વારાફરતી જાહેર કાર્યક્રમોમાં માત્ર દેખાવ ખાતર લોકોને ઉલ્લુ બનાવવા થોડીક કોપીઓ છાપીને વિમોચન કરી નાંખ્યું હતું. પછી છેક ૧૯૯૮ સુધી એક પણ સરકારી ડેપોમાં એક પણ કોપી ઉપલબ્ધ થઈ ન હતી.એટલે કર્મશીલે ગુજરાત હાઇકોર્ટમાં એક જાહેર હિતની અરજી દાખલ કરી હતી અને હાઇકોર્ટે બાબાસાહેબના તમામ ગ્રંથો તાત્કાલિક છાપીને રાજયના તમામ બુકસ્ટોલ પર વેચાણ અર્થે મૂકવાનો હુકમ કર્યો હતો.

# કેન્દ્રના ૧૦ મંત્રાલયોમાં ૨૮,૭૧૩ અનામત જગ્યાઓ ખાલી

કેન્દ્ર સરકારના સંરક્ષણ, ટપાલ, નાણા, રેલવે,માનવ સંસાધન વિકાસ, ગૃહ, શહેરી વિકાસ સહિત ૧૦ મંત્રાલયોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગની ૨૮,૭૧૩ જગ્યાઓ ખાલી છે.

સંસદમાં રજૂ થયેલ કાર્મિક અને લોક ફરિયાદ મંત્રાલયના આંકડાઓ પરથી આ માહિતી મળી છે. તેમાં જણાવાયુ છે કે ૩૧,ડિસેમ્બર ૨૦૧૬ના રોજ કેન્દ્ર સરકાર ૯૦% થી વધુ કર્મચારીઓની ખાલી જગ્યાઓવાળા ૧૦ મંત્રાલયોએ તેમના જાહેર ક્ષેત્રની સ્થાનિક તથા બીજી અન્ય જગ્યાઓમાં અનુસૂચિત જાતિ,અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગની ૯૨,૫૮૯ ખાલી જગ્યાઓની માહિતી આપી હતી. આમાંથી ૬૩,૮૭૬ જગ્યાઓ ભરવામાં આવી છે. પહેલી જાન્યુઆરી,૨૦૧૭ની સ્થિતિએ આ વિભાગોમાં અનુસૂચિત જાતિ, અનુસિચિત જનજાતિ તથા અન્ય પછાત વર્ગની ૨૮,૭૧૩ જગ્યાઓ હાલમાં પણ ખાલી છે.

સરકારે જણાવ્યું છે કે, એક ખાસ ભરતી ઝુંબેશથી આવી જગ્યાઓ ભરવા બધા મંત્રાલયો અને વિભાગોને ભરતી સમિતિની રચના કરવાનો આદેશ કરવામાં આવ્યો છે.

નોંધનીય છે કે, વિવિધ રાજકીય પક્ષો અને દલિત સંગઠનો સરકારી ખાતાઓમાં ખાલી રહેલી અનિસૂચિત જાતિ,અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગની જગ્યાઓ ભરવાની માંગણી કરી રહ્યા છે.

સરકારી આંકડાઓ મુજબ જાન્યુઆરી,૨૦૧૭માં પોસ્ટ વિભાગમાં અનુસૂચિત જાતિની ૩૦૧ જગ્યાઓ ખાલી હતી જયારે અનુસૂચિત જનજાતિની ૭૧૮ અને અન્ય પછાત વર્ગની ૪૮૪ જગ્યાઓ ખાલી હતી.

સંરક્ષણ મંત્રાલયમાં અનુસૂચિત જાતિની ૩૯૯, અનુસૂચિત જનજાતિની ૩૬૬ અને અન્ય પછાત વર્ગની ૧૨૬૮ જગ્યાઓ ખાલી હતી.

રેલવેમાં અનુસૂચિત જાતિની ૧૪૫, અનુસૂચિત જનજાતિની ૩૨૪ અને અન્ય પછાત વર્ગની ૧૦ જગ્યાઓ ખાલી હતી. ગૃહ મંત્રાલયમાં અનુસૂચિત જાતિની ૩૧૯૮ જગ્યાઓ, જયારે અનુસૂચિત જનજાતિની ૨૨૩૦ તથા અન્ય પછાત વર્ગની ૫૧૨૦ જગ્યાઓ ખાલી હતી.

કાર્મિક અને લોક ફરિયાદ તથા પેન્શન મંત્રાલયના આંકડાઓ મુજબ ૭૭ મંત્રાલયોમાંથી મળેલ જાણકારી મુજબ જાન્યુઆરી ૨૦૧૬ સુધી કેન્દ્ર સરકારની નોકરીઓમાં અનુસૂચિત જાતિ,અનુસૂચિત જનજાતિ તથા અન્ય પછાત વર્ગનું પ્રતિનિધિત્વ ક્રમાનુસાર ૧૭.૪૯ %, ૮.૪૭% તથા ૨૧.૫ % જ છે.

**અનુવાદ : જેસલ સાહિલ (ભાષા)**

## સામ્પ્રત

# ઈમરાન પાકિસ્તાનને ગળે પડ્યો છે

બીજા ઘણા લોકોની જેમ, હું પણ દુનિયાને રંગીન કાચમાંથી જોતી હતી. મેં મારા ભૂતપૂર્વ શોહરને એકથી વધુ વખત રંગેહાથ નો'તો પકડ્યો, ત્યાં સુધી હું પણ નન્નો જ ભણતી હતી. પ્રોબ્લેમ એ છે કે, આપણને દરેકને એક હીરોની જરૂરત છે, અને જે દેશ પાસે છેલ્લા ૪૦ વર્ષથી કશું અભિમાન લેવા જેવું નથી, તેની પાસે ખાલી ઈમરાન ખાન જ હતો. ૨૦૧૩માં મેં કહ્યું હતું કે, એ આપણી 'બેસ્ટ એક્સ્પૉર્ટ' છે. ૨૦૧૮માં, મારી ચોપડી આવી તે પહેલાં, આ હીરો માટીપગો સાબિત થઇ ગયો. ભારતીયો જેના પર મરે છે એ ખૂબસુરત ચહેરા પાછળનું ઉદ્દામવાદી ગંદુ મોઢું ઉઘાડું પડી ગયું હતું. જે બોલ પર લોકો કિલકારીઓ પાડતા હતા, એ બોલ હવે ભારત સામે જ સ્વીંગ થયો હતો.

ઈમરાન કહે છે એમાંની ઘણી વાતો સાથે હું સહમત નથી, પણ એની એક વાત સાચી છે કે, હું એના જીવનની સૌથી મોટી ભૂલ છું. અમે બહુ અલગ છીએ. હું દિલને અનુસરું છું, ઈમરાન સાપ જેવો ગણતરીબાજ છે. હું એક વર્ષ જેની સાથે રહી એ ઈમરાન ન તો મંદ હતો કે ન તો અવિચારી. એને એમ હતું કે સેલિબ્રિટી બેગમ બનીને હું ખુશ થઇ જઈશ. હું એવી છું નહીં કે પોલીટીશિયનની બેગમ બનીને મગજ ચલાવાનું બંધ કરી દઉં.

એટલે, એ વઝીરે આઝમ બન્યો એ સમાચાર સાંભળીને મને શું થયું? શાંતિ થઇ કે, હું અત્યારે એની સાથે નથી. મને એ માણસ સાથે રહેવાનું ગમે જે એની બુદ્ધિ અને આવડતના દમ પર માન મેળવતો હોય. એની સાથે ના રહેવાય જે એની પ્રામાણિકતા ગીરવે મુકે અને જોક્સ બની જાય. પણ, પાકિસ્તાન માટે તો એ ગળે પડ્યો છે. હું એને ત્યજીને ચાલતી થઇ ગઈ, એમ પાકિસ્તાન નહીં કરી શકે.

**રેહમ ખાન**
**પત્રકાર અને ઈમરાન ખાનની ભૂતપૂર્વ પત્ની,**
**(ધ પ્રિન્ટમાં)**
**(રાજ ગોસ્વામીની ફેસબુક વૉલ પરથી)**

## 'દલિત અધિકાર'ના સૌ શુભેચ્છકોને વિનંતી.


જે વડીલો-મિત્રોએ 'દલિત અધિકાર'ને **રૂ. ૫૦૦/-** કે તેથી વધુ રકમ મોકલી છે તેમના નામો શુભેચ્છક સભ્યોની યાદીમાં છે.

જે શુભેચ્છકોએ છેલ્લા ૧૪ વરસોમાં એક જ વખત **રૂ. ૫૦૦/-** નું શુભેચ્છા યોગદાન આપ્યું છે, તેમનું રૂ. ૭૫/- લેખે લવાજમ પૂરું થયું છે. આવા શુભેચ્છકોને વિનંતી કે તેઓ શુભેચ્છા ફાળો કે લવાજમ મોકલી આપી 'દલિત અધિકાર'નો આર્થિક બોજ હળવો કરે.

## 'દલિત અધિકાર' ના શુભેચ્છકો જેમના તરફથી શુભેચ્છા યોગદાન મળેલ છે...

- **ભી. ન.વણકર**
  (જાણીતા વરિષ્ઠ દલિત સાહિત્યકાર અને દલિત અગ્રણી, ગાંધીનગર) રૂ.૫૦૦/-
- **એમ.કે. કટારિયા**
  (Rtd. Dy.S.P. અને દલિત અગ્રણી, અમદાવાદ) રૂ.૫૦૦/-

# પી.કે વાલેરાની ચિરવિદાય



પૂર્વ સનદી અધિકારી, જાણીતા લેખક, કોંગ્રેસના અગ્રણી નેતા અને ‘ગુજરાત વણકર સમાજ સેવા ટ્રસ્ટ’ના મોભી પી.કે વાલેરાનું ગઈ તારીખ ૨૭મી જુલાઈ ૨૦૧૮ના રોજ અવસાન થયું છે.

## અલવિદા

પી.કે. વાલેરાનો જન્મ તત્કાલીન મહેસાણા અને હાલના ગાંધીનગર જિલ્લાના, કલોલ તાલુકાના, બોરીસણા ગામે થયો હતો. ઈ.સ.૧૯૩૯માં ગરીબ દલિત કુટુંબમાં જન્મેલા વાલેરાસાહેબનું અવસાન ૭૯ વરસની વયે થયું હતું. વતનની ધૂળિયા શાળામાં તેમણે પ્રાથમિક શિક્ષણ અને તાલુકા મથક કલોલમાં માધ્યમિક શિક્ષણ લીધું હતું. અનેક સંઘર્ષો અને અભાવો વચ્ચે કુટુંબની આર્થિક જરૂરિયાતોને કારણે સરકારી નોકરી કરતાં કરતાં તેઓ અનુસ્નાતક થયા. તેમની શૈક્ષણિક કારકીર્દિ ખૂબજ તેજસ્વી હતી. ભણતરની સાથેસાથે ઈતર પ્રવૃતિ અને જાહેરજીવનમાં પણ તેઓ આરંભથી જ સક્રિય હતા.

વાલેરાસાહેબ ઉચ્ચ સનદી અધિકારીના પદેથી નિવૃત થયા હતા. ૧૯૬૭માં પબ્લિક સર્વિસ કમિશન દ્વારા લેવાયેલી ડેપ્યુટી કલેકટરની ભરતીમાં તેઓ ઉચ્ચસ્થાન પ્રાપ્ત કરીને વર્ગ-૧ના અધિકારી બન્યા હતા. ૧૯૭૯માં તેઓ આઈ. એ. એસ. થયા હતા. સમાજ કલ્યાણ નિયામક, ગુજરાત નાગરિક પુરવઠા નિગમના મેનેજિંગ ડિરેકટર અને છેલ્લે મત્સ્યોદ્યોગ કમિશનરના હોદ્દેથી તેઓ ૧૯૯૭માં નિવૃત થયા.

નિવૃતિ પછીનો બે દાયકાનો સમય તેમણે ભારે સક્રિયતામાં ગાળ્યો. લેખન, વાચન અને કોંગ્રેસ પક્ષ દ્વારા સક્રિય જાહેર જીવનમાં તેમના પાછલાજીવનના એકવીસ વરસો વીત્યા હતા. ‘થોરનું ફૂલ’ નામક ચાર ભાગમાં પ્રગટ તેમની બૃહદ આત્મકથા દલિત સાહિત્યમાં બહુ ઓછા ખેડાયેલા આત્મકથા સાહિત્યમાં નોંધપાત્ર છે. ‘રક્તિમ ઝાંય’ , ‘ઉગે છે પ્રભાત’ અને ‘પ્રતિઘોષ’ વાલેરાસાહેબના લેખો અને નિબંધોના સંગ્રહો છે. તેમણે દલિત સાહિત્ય અને વિચારના સામયિકો,પ્રતિબદ્ધ સામયિકો અને વિચારપત્રો ઉપરાંત મુંબઈના દૈનિક અખબાર’ ‘સમકાલીન’માં પણ લેખો લખ્યા હતા. સાવ જ સાલસ સ્વભાવના નિરભિમાની અને ભારે ઉત્સાહી એવા વાલેરા સાહેબની વિદાય ખરે જ બહુ દુ:ખદ છે.

**દિલના દરવાજે દસ્તક**

(ડૉ. બાબાસાહેબ આંબેડકરનાં આત્મકથનાત્મક લખાણો)




: અનુવાદ :
ઉર્વીશ કોઠારી,
ચંદુ મહેરિયા,

: પ્રકાશક :
દલિત અધિકાર પ્રકાશન,
બી-૫૮, ન્યૂ હીરાબાગ સોસાયટી,
ગુરુકૃપા સ્કૂલ પાસે, સી.ટી.એમ.,
અમદાવાદ-૩૮૦૦૨૬.
કિંમત : રૂપિયા ૩૦/-
મો. નં. ૯૭૨૩૧ ૧૬૩૧૭

નવી આવૃત્તિ પ્રગટ થઈ ગઈ છે.
૫૦ કે તેથી વધુ નકલો રૂબરૂમાં અડધી કિંમતે માત્ર રૂ. ૧૫/-માં મળશે

**દલિત અધિકાર** પાક્ષિક

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશકુમાર આર. મહેરિયા
૧૭૯૦, અબુકસાઈની ધાબાવાળી ચાલી, રાજપુર,
પોસ્ટ ઓફિસ સામે, અમદાવાદ-૩૮૦૦૨૧
ફોન : (મો.) ૯૮૨૪૬ ૮૦૪૧૦, ૯૯૨૫૭ ૧૯૫૬૫
મુદ્રણ સ્થાન : માંગલ્ય મુદ્રણાલય,
૧૦૭, પાર્વતી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ.